મંદબુધ્ધિવાળી બહેનો માટેની સરકારી સંસ્થા કુબેરનગર, અમદાવાદ સંસ્થા ખાતે મંજૂર થયેલ આઉટસોર્સની જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- **SJED/EOD/e-file/17/2023/0757/CHH-1,**
સચિવાલય, ગાંધીનગર
તા.**As per E-sign**

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૪/૮૫૯૩૪૭/ન.બા.-૧/છ.૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૧૨/૦૩/૨૦૨૫નો પત્ર નં.**DSD/OS/e-file/226/2023/0363/Administrative Branch**

<u>આમુખ-</u>

વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના ઠરાવથી મંદબુધ્ધિવાળી બહેનો માટેની સરકારી સંસ્થા કુબેરનગર, અમદાવાદ શરૂ કરવા માટે રૂ.૧૦ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, જેમાં પ્રતિ યુનિટ કુલ-૦૮ જગ્યાઓની સેવા આઉટસોર્સથી લેવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી. આ જગ્યાઓની મુદ્દત ૩૧/૦૩/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોઇ પ્રતિ યુનિટ ૦૮ જગ્યાઓની સેવા આઉટસોર્સથી વધુ ૧૧ માસ માટે મેળવવા વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના પત્રથી દરખાસ્ત વિભાગને કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી હસ્તક મંદબુધ્ધિની બહેનો માટેની સંસ્થા, કુબેરનગર, અમદાવાદ ખાતે મંજૂર મહેકમની આઉટસોર્સના ધોરણે ઉભી થયેલ જગ્યાઓ પૈકી હાલમાં ભરાયેલ હોવાની શરતે ૦૧-રસોયા, ૦૧-પટાવાળા, ૦૧-ચોકીદાર, ૦૧-સ્વીપર, ૪-અટેન્ડન્ટની સેવાઓ **તા.૧૮/૦૫/૨૦૨૬થી** વધુ ૧૧ માસ માટે નીચેની શરતને આધીન આઉટસોર્સથી મેળવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

શરત: લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

(નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.)

(આ જગ્યાઓની સેવાઓ વધુ સમય મેળવવાની જરૂર જણાયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ મુદત પૂર્ણ

થયાના બે માસ અગાઉથી દરખાસ્ત રજૂ કરવાની રહેશે.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જીગર પટેલ )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
7. એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
8. છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
10. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified

Signed by:Jigar Patel
Section Officer
Date:2026.06.01
15:45:28 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign